

RNI No. GUJGUJ/2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 138
Dt.: 29-01-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


# મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું પ્લેન ક્રેશમાં નિધન

## પવાર મુંબઈથી બારામતી રાજકીય કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે દુર્ઘટના સર્જાઈ : અજિત પવારના મૃતદેહની ઓળખ તેમના કપડા-ઘડિયાળ દ્વારા થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બુધવારે સવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન બારામતીમાં ક્રેશ થયા બાદ તેમનું નિધન થયું છે. આ વિમાનમાં કુલ ૬ લોકો સવાર હતા. પ્લેનમાં સવાર તમામ લોકોના મોત થઈ ગયા છે. તેઓ મુંબઈથી બારામતી રાજકીય કાર્યક્રમમાં જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. લેન્ડિંગ સમયે પ્લેન ક્રેશ થયું હતું અને પ્લેન ક્રેશ થયા બાદ ફ્યુઅલ ટેંકમાં ધડાકો થયો હતો. વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું મોત થયું છે. વિમાનમાં સવાર ૫ લોકોના મોતની DGCAએ કરી પુષ્ટી કરી હતી. ડીજીસીએ કહ્યું હતું કે વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત ૫ લોકોના મોત થયા છે.

આ ઘટના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ સહિતના નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. PM મોદીએ ઘટના અંગે X પર લખ્યું છે કે, "મહારાષ્ટ્રના બારામતીમાં બનેલી વિમાન દુર્ઘટનાની ઘટનાથી દુ:ખી છું. મારી સંવેદનાઓ તે બધા લોકો સાથે છે જેમણે આ દુર્ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. આ ઊંડા દુ:ખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારોને શક્તિ અને હિંમત મળે તે માટે પ્રાર્થના કરું છું."





આ અકસ્માત તેમના બારામતીમાં થયો હતો. અજિત પવાર પવાર પરિવારના ગઢ તરીકે ઓળખાતા પ્રદેશ બારામતીના ધારાસભ્ય છે. અકસ્માત બાદ વિમાનમાંથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. અગાઉ એવા અહેવાલો હતા કે વિમાન દુર્ઘટનામાં તેઓ ઘાયલ થયા છે, પરંતુ તે પછી માહિતી સામે આવી છે કે તેમનું નિધન થઈ ગયું છે. અજિત પવાર ચાર્ટર પ્લેન દ્વારા બારામતી જઈ રહ્યા હતા. અકસ્માત બાદ વિમાનમાં આગ લાગી ગઈ હતી. અજિત પવાર બુધવારે બારામતીમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા. ઘટના સ્થળ પરથી તે તસવીરો સામે આવી રહી હતી તેમાં દેખાય છે કે વિમાન ખેતરમાં પડેલું છે. જેમાંથી ધૂમાડો નીકળી રહ્યો હતો અને વિમાન જમીન પર પડ્યા બાદ ફ્યુઅલ ટેંકમાં આગ લાગ્યા બાદ મોટો ધડાકો થયો હતો અને આગ બાદ ચારે તરફ ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા. અજિત પવારના મૃતદેહની ઓળખ તેમના કપડા અને ઘડિયાળ દ્વારા કરવામાં આવી હતી. ઘડિયાળ તેમની છેલ્લી ઓળખ સાબિત થઈ. આનાથી અકસ્માત કેટલો ભયાનક હતો તેનો અંદાજ લગાવી શકાય છે.

અચાનક બનેલી આ ઘટનાને જોઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વિમાનમાં કોઈ જીવિત હોય તો તેમને બચાવવાના પ્રયાસો કર્યા હતા. વિમાન ક્રેશ થયા બાદ તેના પાર્ટ્સ ખેતરમાં વિખેરાયેલા પડ્યા હતા. આ ઘટના બારામતી એરપોર્ટથી લગભગ ૩-૪ કિલોમીટર પહેલા બની હોવાનું મનાઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીએ શરદ પવાર જોડે વાતચીત કરીને તેમને સાંત્વના આપી હતી.

આ સાથે અજિત પવારની આવતીકાલે ૨૯ જાન્યુઆરીના રોજ ૧૧ વાગ્યે અંતિમવિધિ કરવામાં આવશે તેવો નિર્ણય લેવાયો છે.

અજિત પવારનો જન્મ અહેમદગઢના દેવલાલી પ્રવરામાં ૨૨ જુલાઈ ૧૯૫૯એ થયો હતો. તેઓ ૬૬ વર્ષના હતા અને મહારાષ્ટ્રના રાજકારણમાં તેમનું કદ ખાસ્સું મોટું હતું. તેઓ મહારાષ્ટ્રના સૌથી લાંબો સમય ડેપ્યુટી સીએમ રહી ચૂક્યા છે. અજિત પવારે વર્ષ ૧૯૮૫માં સુનેત્રા પવાર સાથે લગ્ન કર્યા હતા અને તેમના બે દીકરા જય પવાર અને પાર્થ પવાર છે.

ખરાબ હવામાનને અકસ્માતનું મુખ્ય કારણ ગણાવવામાં આવી રહ્યું છે. આ પ્રશ્ન એ ઉભો કરે છે કે આટલા ખરાબ હવામાન દરમિયાન વિમાન ક્રેશ થવા પાછળ કયા પરિબળો જવાબદાર હોઈ શકે છે. એવિએશન એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે, ખરાબ હવામાનમાં પ્લેન ક્રેશ થવામાં એક નહીં અનેક ફેક્ટર જવાબદાર હોય શકે છે. જોકે, પ્લેન ક્રેશનું અસલ કારણ શું હતુ તે તો ડાયરેક્ટોરલ જનરલ ઓફ સિવિલ એવિએશન અને એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશનની તપાસ પછી જ ખબર પડશે.

એક મહિલા પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, સવારે વિમાન બારામતી હવાઈ પટ્ટી પર ચક્કર લગાવતું જોવા મળ્યું હતું. તેણીએ જણાવ્યું હતું કે લેન્ડિંગ દરમિયાન, વિમાન સંતુલન ગુમાવી બેઠું હતું અને ખૂબ જ જોરથી જમીન પર અથડાયું હતું. વિમાન જમીન પર અથડાતાં જ એક જોરદાર વિસ્ફોટ થયો હતો, જેનો અવાજ આસપાસના વિસ્તારમાં સંભળાયો હતો. વિમાન ક્રેશ થયા પછી વિમાનના ટુકડા હવામાં ઉડ્યા અને નજીકના ઘરોમાં પડ્યા, જેનાથી સ્થાનિક લોકો ભયભીત થઈ ગયા હતા.આ દરમિયાન, અજિત પવારના પત્ની સુનેત્રા પવાર અને તેમના બાળકો પાર્થ અને જય દિલ્હીથી બારામતી જવા માટે રવાના થયા હતા. આ દરમિયાન, રોહિત પવાર હોસ્પિટલમાં પહોંચ્યા છે જ્યાં અજિત પવારનો મૃતદેહ રાખવામાં આવ્યો છે. આ દરમિયાન, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલનાથ અને દિગ્વિજય સિંહ સહિત મધ્ય પ્રદેશના અનેક નેતાઓએ બુધવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કર્યો.

### આ હૃદયદ્રાવક છે, મારું હૃદય સુન્ન થઈ ગયુંઃ ફડણવીસ

# અજિત પવારના નિધન પર મહારાષ્ટ્રમાં ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર

## એકનાથ શિંદેએ અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કરતા કહ્યું, "મહારાષ્ટ્ર માટે આ એક દુર્ભાગ્યપૂર્ણ દિવસ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના બારામતીમાં એક મોટી વિમાન દુર્ઘટના બની છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું હતું. અકસ્માતમાં અજિત પવારનું નિધન થયું હતું. આ અકસ્માતના સમાચાર સામે આવતા જ બારામતી સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. પ્રધાનમંત્રીમોદી અને ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ફડણવીસ પાસેથી આ ઘટના અંગે વ્યક્તિગત રીતે પૂછપરછ કરી હતી. આ વિમાન દુર્ઘટનામાં કુલ પાંચ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અજિત પવારના નિધન પર ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ તેમના સાથી અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કરતા કહ્યું, "મહારાષ્ટ્ર માટે આ એક દુર્ભાગ્યપૂર્ણ દિવસ છે. મારા અને સમગ્ર મહારાષ્ટ્ર માટે આ એક દુ:ખદ ઘટના છે. અજિત દાદા પોતાના વચનના પાકા હતા. જ્યારે હું મુખ્યમંત્રી હતો અને તેઓ નાયબ મુખ્યમંત્રી હતા ત્યારે અમે એક ટીમ તરીકે કામ કર્યું. એક ટીમ તરીકે અમે લાડલી બહેન યોજના શરૂ કરી અને અજિત દાદાએ તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી."

મુખ્યમંત્રી ફડણવીસે પોતાના એક્સ હેન્ડલ પર પોસ્ટ કરી લખ્યું, "દાદા જતા રહ્યા! એક જમીન સાથે જોડાયેલા નેતા, મારા મિત્ર અને સાથી, નાયબ મુખ્યમંત્રી અજિત દાદા પવારનું વિમાન દુર્ઘટનામાં નિધન હૃદયદ્રાવક છે. મારું હૃદય સુન્ન થઈ ગયું છે. મારી લાગણીઓ વ્યક્ત કરવા માટે મારી પાસે કોઈ શબ્દો નથી." તેમણે કહ્યું, "મેં એક મજબૂત અને સારા મિત્ર ગુમાવ્યા છે. આ મારા માટે એક વ્યક્તિગત ક્ષતિ છે. આ એક એવું નુકસાન છે જેની ભરપાઈ થઈ શકતી નથી. આજનો દિવસ મહારાષ્ટ્ર માટે ખૂબ જ મુશ્કેલ છે. હું દાદાને મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. અમે તેમના સમગ્ર પરિવાર અને NCP પરિવારના દુ:ખમાં સહભાગી છીએ. આ અકસ્માતમાં વધુ ચાર લોકોના મોત થયા છે. અમે તેમના પરિવારોના દુ:ખમાં પણ સહભાગી છીએ."

મહારાષ્ટ્રના બારામતી નજીક NCP નેતા અજિત પવારનું ખાનગી વિમાન ક્રેશ થયું હતું. આ વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું નિધન થયું છે. વિમાનમાં સવાર ૫ લોકોના મોતની DGCAએ કરી પુષ્ટી કરી હતી. ડીજીસીએ કહ્યું હતું કે વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત ૫ લોકોના મોત થયા છે.

### ચાર ધામમાં ગેરહિન્દુઓના પ્રવેશ પર મોટો નિર્ણય

# પવિત્ર ચારધામમાં હવે હિન્દુઓની સાથે સાથે શીખ, બૌદ્ધ અને જૈનોને જ એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદુન

ગંગોત્રી મંદિર સમિતિ સાથે મળીને BKTCએ ઉત્તરાખંડના ચાર ધામોમાં બિન-હિન્દુઓના પ્રવેશ અંગેની પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. શીખ, જૈન અને બૌદ્ધોને હિન્દુઓ સાથે પ્રવેશ આપવામાં આવશે. ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે આ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું, "જે લોકો શ્રદ્ધા રાખતા નથી તેમને ચાર ધામોમાં શું કામ છે?"

BKTCના પ્રમુખ હેમંત દ્વિવેદીએ કહ્યું કે કેદારનાથ અને બદ્રીનાથ ધામ પિકનિક સ્પોટ નથી, પરંતુ સનાતન પરંપરાના સર્વોચ્ચ આધ્યાત્મિક કેન્દ્રો છે. બંધારણની કલમ ૨૫ સ્પષ્ટપણે જણાવે છે કે શીખ, જૈન અને બૌદ્ધ સનાતન પરંપરાનો ભાગ છે. કલમ ૨૬ આપણને આપણી ધાર્મિક પરંપરાઓ અને પૂજા પ્રથાઓનું રક્ષણ કરવાનો અધિકાર આપે છે. આ નિર્ણય કોઈની વિરુદ્ધ નથી, પરંતુ સદીઓ જૂની શ્રદ્ધા, શિસ્ત અને પવિત્રતાને જાળવવા માટે છે. ઉત્તરાખંડમાં હજારો સ્થળો પર્યટન માટે ખુલ્લા છે, તેથી મંદિરોની ઓળખ બદલવી એ શ્રદ્ધા સાથે અન્યાય થશે. જે લોકો સનાતન પરંપરામાં માને છે તેઓ તેમની શ્રદ્ધા અનુસાર આગળ વધી શકે છે, પરંતુ મંદિરની મૂળ ધાર્મિક ઓળખ સાથે સમાધાન કરી શકાતું નથી. ગંગોત્રી મંદિર સમિતિના પ્રમુખ સુરેશ સેમવાલે જણાવ્યું હતું કે હિન્દુઓ ઉપરાંત, શીખ સમુદાયના સભ્યો પણ મુલાકાત લઈ શકે છે. જેઓ હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે અને હિન્દુ ધર્મનો આદર કરે છે તેઓ પણ મુલાકાત લઈ શકે છે. ધાર્મિક સંગઠનોએ બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધનું સ્વાગત કર્યું. શ્રી કેદાર સભા અને શ્રી ડિમરી ધાર્મિક કેન્દ્રીય પંચાયત સહિત તમામ સનાતન ધર્મ અનુયાયીઓએ તેને ટેકો આપ્યો છે. શ્રી ગંગોત્રી અને શ્રી યમુનોત્રી મંદિર સમિતિઓએ મંદિરમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો ઠરાવ પસાર કર્યો છે. BKTC પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે મંદિરોમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર લાંબા સમયથી પ્રતિબંધ છે, આ કોઈ નવો નિયમ નથી, પરંતુ સદીઓ જૂની પરંપરાનું ઔપચારિક પાલન છે. આ કોઈ ધર્મના વિરોધનો વિષય નથી, એકમાત્ર પ્રશ્ન એ છે કે કોઈ વ્યક્તિ તે પરંપરામાં માને છે કે નહીં. વિદેશીઓ કે અશ્રદ્ધાળુઓનો પ્રવેશ અહીં ક્યારેય પ્રચલિત રહ્યો નથી. પુરોહિત પ્રણાલી દીક્ષા અને સંપ્રદાય પર આધારિત રહી છે. મસ્જિદોમાં પ્રાર્થના માટે જરૂરીયાતો છે અને ચર્ચમાં ધાર્મિક વિધિઓ માટે મર્યાદાઓ છે. દરેક ધર્મને પોતાની પવિત્રતા અને શિસ્ત નક્કી કરવાનો અધિકાર છે. અદાલતોએ સ્પષ્ટ કર્યું છે કે મંદિર પ્રવેશ એ સામાન્ય નાગરિક અધિકાર નથી, પરંતુ ધાર્મિક આચરણનો વિષય છે.

ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે ચાર ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશને વાજબી ઠેરવ્યો છે. તેમણે કહ્યું કે જેમને દેવતાઓમાં શ્રદ્ધા નથી તેમનો ચાર ધામમાં કોઈ કામ નથી.

### અબજોના વેપારને મળશે પડકાર

# ભારત અને ઈયુની ટ્રેડ ડીલથી બાંગ્લાદેશની મુશ્કેલી વધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને ઈયુ વચ્ચે મંગળવારે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર FTA થઈ ગયો, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન યુનિયનના નેતાઓ ઉર્સુલા વોન ડેર લેયને અને ઓન્ટેનિઓ કોસ્ટાએ મધર ઓફ ઓલ ડીલ્સ ગણાવી હતી. વૈશ્વિક તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત અને ઈયુ વચ્ચે FTA માટે દાયકાઓથી અટકી અટકીને ચાલતી વાટાઘાટોનો આખરે અંત આવ્યો છે. આ વેપાર કરાર બંને પક્ષોને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે વ્યૂહાત્મક રક્ષણ પૂરું પાડશે. આ કરાર હેઠળ ભારતનો ૯૩ ટકા સામાન ઈયુમાં ડયુટી ફ્રી થશે જ્યારે ઈયુના ૯૦ ટકા સામાન પર ઈમ્પોર્ટ ડયુટી સમાપ્ત થઈ જશે અથવા ઘટી જશે, જેને પગલે બંને પક્ષો વચ્ચેનો વેપાર ૨૦૩૧ સુધીમાં ૫૧ અબજ ડોલર (રૂ. ૪.૬૮ લાખ કરોડ) સુધી પહોંચવાનો અંદાજ છે. આ કરારથી ભારત અને ઈયુની ચીન અને અમેરિકા પરની નિર્ભરતા ઘટી જશે.

આ કરાર બાદ ભારતીય કાપડ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે મોટી તકો ખુલતી દેખાઈ રહી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે કહ્યું હતું કે, આ કરારથી ભારતના ટેક્સટાઈલ નિકાસમાં મોટો ઉછાળો આવી શકે છે અને આ સેક્ટર ટૂંકા ગાળામાં વર્તમાન ૭ અબજ ડોલરથી વધીને ૩૦થી ૪૦ અબજ ડોલર સુધી પહોંચવાની ક્ષમતા રાખે છે. તેનાથી આ શ્રમ-પ્રધાન ક્ષેત્રમાં ૬૦-૭૦ લાખ નવી નોકરીઓનું સર્જન થવાની સંભાવના છે.

પીયૂષ ગોયલે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, ઘણીવાર એ સવાલ પૂછવામાં આવતો હતો કે, ટેક્સટાઈલ નિકાસમાં બાંગ્લાદેશ ભારતથી આટલો આગળ કેમ છે. તો વાસ્તવમા બાંગ્લાદેશ એક ઓછો વિકસિત દેશ (LDC) છે, તેથી તેને યુરોપિયન બજારમાં ઝીરો ડ્યુટીનો લાભ મળે છે. આ જ કારણ છે કે બાંગ્લાદેશે EUના ૨૫૦ અબજ ડોલરના કાપડ બજારમાંથી ૩૦ અબજ ડોલર પર કબજો જમાવી લીધો છે. ભારત હાલમાં માત્ર ૭ અબજ ડોલરની નિકાસ કરે છે અને ભારતીય માલ પર ૧૨% સુધીની ડ્યુટી લાગે છે. આ FTA લાગુ થતાની સાથે જ ભારત ડ્યુટીના મામલે બાંગ્લાદેશની સમકક્ષ આવી જશે, જેનાથી ભારતીય નિકાસકારો માટે સ્પર્ધા કરવાનું સરળ બનશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ભારતમાં ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી કૃષિ પછી બીજુ સૌથી મોટું રોજગાર આપનારું ક્ષેત્ર છે, જેમાં લગભગ ૪ કરોડ લોકો કામ કરે છે.

વર્તમાનમાં ભારત યુરોપિયન યુનિયનને વાર્ષિક લગભગ ૭ અબજ ડોલરના ટેક્સટાઈલ અને એપરલની નિકાસ કરે છે, જેના પર ૧૨% સુધીની ઈમ્પોર્ટ ડ્યૂટી લાદવામાં આવે છે.

FTA અમલમાં આવ્યા પછી આ ઈમ્પોર્ટ ડ્યૂટી સમાપ્ત થઈ જશે, જેનાથી ભારતની નિકાસમાં ઝડપી વધારો થઈ શકે છે.

પીયૂષ ગોયલે કહ્યું કે, આ કરાર હેઠળ ભારતીય માલસામાનને અભૂતપૂર્વ બજાર પહોંચ મળશે. આ કરાર EU માં ભારતની કુલ નિકાસના આશરે ૯૯% અને ભારતમાં ઈ નિકાસના ૯૭%ને કવર કરી લે છે. ટેક્સટાઈલ, એપરલ, ગૃહ સજાવટ અને ફર્નિશિંગ જેવા ક્ષેત્રો જેમાં શ્રમિકોનો હિત સર્વોપરી છે, તેમને પહેલા દિવસથી જ ડ્યુટી-ફ્રી એક્સેસ મળશે. વર્તમાનમાં યુરોપિયન બજારમાં ભારતનો હિસ્સો ખૂબ ઓછો છે (માલસામાનમાં ૧.૫% અને સેવાઓમાં ૨.૫%), જે હવે ઝડપથી વધવા માટે તૈયાર છે.

# અજિત પવારનું નિધનઃ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા સુપ્રિયા સુલે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના આકસ્મિક નિધન બાદ સમગ્ર રાજ્યમાં ગમગીની છવાઈ ગઈ છે. મોટાભાઈના મોતના સમાચાર સાંભળતા જ બહેન સુપ્રિયા સુલે સંપૂર્ણપણે ભાંગી પડી છે. બારામતી પહોંચેલા સુપ્રિયા સુલે પોતાના ભાઈના પાર્થિવ દેહને જોઈને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા હતા. સુપ્રિયા હંમેશા તેમને દાદા કહીને બોલાવતા હતા. કરુણ રુદન કરતા સુપ્રિયા સુલેના દ્રશ્યોએ ત્યાં હાજર રહેલા દરેક વ્યક્તિની આંખો ભીની કરી દીધી હતી. સુપ્રિયા સુલે તેમના ભાભી સુનેત્રા પવાર સાથે તાત્કાલિક બારામતી પહોંચ્યા હતા. અજિત પવાર અને સુપ્રિયા સુલે વચ્ચેનો સંબંધ અત્યંત ગાઢ હતો. રાજકીય મતભેદો હોવા છતાં સુપ્રિયા સુલેએ ક્યારેય તેમના પ્રત્યે કડવાશ દાખવી નહોતી અને તેમને હંમેશા દાદા કહીને માન આપતા હતા. તાજેતરમાં જ બંને પરિવારો વચ્ચે નિકટતા વધી રહી હતી અને બંને પક્ષો એક થાય તેવી શક્યતાઓ વચ્ચે આ આઘાતજનક ઘટના બની છે. અજિત પવારના સન્માનમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૩ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે અને સરકારી કચેરીઓ પર તિરંગો અડધી કાઠીએ ઝુકાવી દેવામાં આવ્યો છે. આજે આખા બારામતીના બજારો સ્વયંભૂ બંધ રહ્યા છે. વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સહિત પાંચ લોકોના મોતથી માત્ર પવાર પરિવાર જ નહીં પરંતુ સમગ્ર દેશ સ્તબ્ધ છે.




## તંત્રી લેખ......

### આર્થિક સહયોગનો નવો યુગ

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરાર થયો છે, જેને ઘણીવાર બધા કરારોની માતા કહેવામાં આવે છે, તે પૂર્ણ થયો છે. આ કરાર ફક્ત એટલા માટે મહત્વપૂર્ણ નથી કારણ કે તે ભારત, જેમાં વિશ્વની એક ચતુર્થાંશ વસ્તી રહે છે, અને ૨૭ સભ્યોવાળા યુરોપિયન યુનિયન વચ્ચે હસ્તાક્ષરિત છે. આ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે તે અમેરિકા અને ચીનને સંદેશ આપે છે કે એક વિકલ્પ ઉપલબ્ધ છે. આ સંદેશ અમેરિકન નેતાઓના નિવેદનો દ્વારા પુષ્ટિ મળે છે જે દર્શાવે છે કે તેઓ આ કરારથી ખુશ નથી. તે આશ્ચર્યજનક નથી કે યુએસ તેને અવરોધવાનો પ્રયાસ કરશે.

હકીકતમાં, ટેરિફ અંગે અમેરિકાના મનસ્વી વલણથી આ કરારને સરળ બનાવવામાં આવ્યો. આ કરાર એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ઈયુ અને ભારત બીજા અને ચોથા ક્રમના સૌથી મોટા અર્થતંત્રો છે, જે વૈશ્વિક કુલ સ્થાનિક ઉત્પાદનના ૨૫ ટકા અને વૈશ્વિક વેપારના ત્રીજા ભાગનો હિસ્સો ધરાવે છે. તે સ્પષ્ટ છે કે વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચેનો સહયોગ બંને પક્ષો માટે અભૂતપૂર્વ વેપાર અને રોકાણની તકો પૂરી પાડશે.

આ તક આર્થિક સમૃદ્ધિને વેગ આપશે અને રોજગારની સમસ્યાને પણ હલ કરશે. જ્યારે આ કરાર યુરોપિયન કાર, વાઈન, મશીનરી, રસાયણો, સ્ટીલ વગેરે પર ભારતીય આયાત જકાતમાં નોંધપાત્ર ઘટાડો કરશે, તે ભારતીય કાપડ, રત્નો અને ફાર્માસ્યુટિકલ્સ માટે યુરોપિયન બજારમાં પ્રવેશને પણ સરળ બનાવશે. એ પણ નોંધનીય છે કે આ કરાર બંને પક્ષો વચ્ચે વ્યૂહાત્મક સહયોગ વધારશે. વધુમાં, ભારતીય વિદ્યાર્થીઓ, સંશોધકો અને કુશળ વ્યાવસાયિકોને યુરોપમાં નવી તકો મળશે.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે એફટીએને લઈને ઉત્સાહ છે, પરંતુ તે બંને માટે ફાયદાકારક છે. જોકે, એ નોંધવું જોઈએ કે આ કરારને યુરોપિયન સંસદ અને કાઉન્સિલની મંજૂરીની જરૂર પડશે. આ એફટીએના લાભોને મહત્તમ બનાવવા માટે આ માટે જરૂરી સમયનો ઉપયોગ કરવો જોઈએ. ખાસ કરીને ભારતીય ઉદ્યોગસાહસિકોએ આ તૈયારી કરવી જોઈએ. તેમણે પોતાને સાબિત કરવાની તકનો લાભ લેવામાં કોઈ કસર છોડવી જોઈએ નહીં.

તેમણે તેમની ગુણવત્તા અને ઉત્પાદકતા સ્તરમાં સુધારો કરવો જોઈએ અને મૂલ્યવાન, વિશ્વ-સ્તરીય ઉત્પાદનોનું ઉત્પાદન કરવું જોઈએ જે એક વિશિષ્ટ ઓળખ મેળવશે અને માંગમાં વધારો કરશે. એ વાતને અવગણી શકાય નહીં કે ભારતીય ઉત્પાદનો તેમની ઉચ્ચ ગુણવત્તા માટે ભાગ્યે જ જાણીતા છે. ભારતીય ઉદ્યોગસાહસિકોએ પણ તેમના ઉત્પાદનોનું ઉત્પાદન વિશ્વ-સ્તરીય ધોરણો અનુસાર કરવા માટે તૈયાર રહેવું જોઈએ, કારણ કે આ ફક્ત ભારતના વેપાર સંતુલનને જાળવવામાં મદદ કરી શકે છે.

આંગણવાડીમાં બાળકોને ૪ કલાકના દૈનિક સમયપત્રક મુજબ રમત-ગમત સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાશે

# નવી શિક્ષણ નીતિ મુજબ તૈયાર કરાયેલા "આધારશિલા" અભ્યાસક્રમને રાજ્યની તમામ આંગણવાડીઓમાં જૂન ૨૦૨૬થી અમલી બનાવાશે

## આધારશિલા અભ્યાસક્રમ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે: મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલ



રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેટ ઈ.સી.સી.ઈ. (ECCE) કાઉન્સિલની બેઠકમાં રાજ્યની આંગણવાડીઓના ૩ થી ૬ વર્ષના બાળકો માટે નવો પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમ ‘‘આધારશિલા’’ મંજૂર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને સુસંગત આ અભ્યાસક્રમ જૂન ૨૦૨૬-૨૭ ના શૈક્ષણિક વર્ષથી રાજ્યભરમાં અમલી બનાવવામાં આવશે.

મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલની અધ્યક્ષતામાં મળેલી સ્ટેટ ઈ.સી.સી.ઈ. (ECCE) કાઉન્સિલની બેઠકમાં નવા પૂર્વ પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ઉપરાંત બાળકોના વિકાસના માપદંડ ધરાવતી પુસ્તિકા ‘‘મારી વિકાસ યાત્રા’’ને પણ મંજૂરી આપવામાં આવી છે. આ પ્રસંગે મંત્રી ડૉ. મનીષાબેન વકીલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આંગણવાડીના બાળકોના સર્વાંગી વિકાસ અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પ્રતિબદ્ધ છે. ‘આધારશિલા’ અભ્યાસક્રમ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે. આ સાથે ‘મારી વિકાસ યાત્રા’ પુસ્તિકા દ્વારા દરેક બાળકના વિકાસનું વ્યક્તિગત મૂલ્યાંકન પણ કરવામાં આવશે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સ્ટેટ કાઉન્સિલની મંજૂરી બાદ હવે રાજ્યની આંગણવાડી કાર્યકરોને આ નવા અભ્યાસક્રમ અને એક્ટિવિટી બેંક મુજબ બાળકોને તૈયાર કરવા માટે સઘન તાલીમ આપવામાં આવશે. આંગણવાડીમાં બાળકોને ૪ કલાકના દૈનિક સમયપત્રક મુજબ રમત-ગમત સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૬ના જૂના અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું ૨૦૨૨ અને ‘આંગણવાડી પ્રોટોકોલ ફોર દિવ્યાંગ ચિલ્ડ્રન-૨૦૨૩’ ને ધ્યાને રાખીને જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે. ‘‘આધારશિલા’’ અભ્યાસક્રમમાં ખાસ કરીને ‘પંચ કોષ’ ની સંકલ્પના, બાળ વિકાસના વિવિધ ક્ષેત્રો અને સમાવેશી શિક્ષણ (Inclusive Education) પર ભાર મૂકવામાં આવ્યો છે.

યુનિસેફ ગુજરાતના સહયોગથી આયોજિત ૭ કાર્યશાળાઓ દ્વારા આ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં GCERT, સમગ્ર શિક્ષા, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, દક્ષિણામૂર્તિ બલાધ્યાપણ મંદિર ભાવનગર, કચ્છ કલ્યાણ સંઘ અને આગાખાન એજ્યુકેશન સર્વિસ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના તજજ્ઞોએ તેમજ ડૉ. જીગીષા શાસ્ત્રી, ડૉ. નમીત્તા ભટ્ટ, ડૉ. અમિતા ટંડન સાથે પરામર્શ કરી તૈયાર કરવામાં આવ્યું છે. આ અભ્યાસક્રમમાં આંગણવાડી કાર્યકરો માટે ૪ કલાકના દૈનિક સમયપત્રક મુજબ પ્રવૃત્તિઓનું આયોજન, બાળકો માટે ઉંમર મુજબની ‘પ્રવૃત્તિ પુસ્તિકા’ અને કાર્યકરો માટે ‘એક્ટિવિટી બેંક’ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત અભ્યાસક્રમમાં દિવ્યાંગ બાળકો માટે અનુકૂળ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાળકોના વિકાસમાં તેમના વાલીની સહભાગિતા વધારવા માટે દર અઠવાડિયાના અંતે હોમ લર્નિંગ પ્રવૃત્તિઓ અને દર મહિનાના ત્રીજા મંગળવારે ‘‘બાળ દિવસ’’ ની ઉજવણીમાં વાલીઓને જોડવામાં આવશે. રાજ્ય સરકારના આ પગલાથી રાજ્યના લાખો બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણનું સ્તર વધુ સુદ્રઢ બનશે અને તેમના ભાવિ શિક્ષણનો પાયો મજબૂત થશે.

- ઋચા રાવલ

## ‘‘મારું ટિકિટ, મારી શાન – વિકસિત ભારત માટે મારું યોગદાન’’ યાત્રી જાગૃતિ અભિયાનનું DRM દ્વારા શુભારંભ




રેલ મુસાફરોમાં ટિકિટ ખરીદી અંગે જાગૃતિ વધારવાના હેતુથી પશ્ચિમ રેલવેના તમામ મંડળોમાં વાણિજ્ય વિભાગ દ્વારા ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ થી ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ‘‘મારું ટિકિટ, મારી શાન – વિકસિત ભારત માટે મારું યોગદાન’’ નામનું વિશેષ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનું શુભારંભ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા ૨૮.૦૧.૨૦૨૬ (બુધવાર)ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે ભાવનગર ટર્મિનસ સ્ટેશન પરથી કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તેમણે રેલ મુસાફરો સાથે સીધી વાતચીત કરી અને રેલવે દ્વારા કરવામાં આવતા સુધારાત્મક કાર્યો અંગે તેમની પ્રતિસાદ જાણવાનો પ્રયાસ કર્યો, જેમાં મુસાફરો તરફથી સકારાત્મક પ્રતિભાવ મળ્યો અને તેઓ રેલવેના કાર્યોથી સંતોષિત દેખાયા. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા સહિત ભાવનગર મંડળના વરિષ્ઠ અધિકારીઓ, રેલવે કર્મચારીઓ, રેલ મુસાફરો તથા મીડિયા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમને સંબોધતા મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ રેલ મુસાફરોને અપીલ કરી કે તેઓ RailOne એપ, ATVM અથવા બુકિંગ કાઉન્ટર પરથી ટિકિટ લઈને જ મુસાફરી કરે. RailOne એક ઓલ-ઈન-વન ડિજિટલ પ્લેટફોર્મ છે, જેના માધ્યમથી મુસાફરો આરક્ષિત અને અનારક્ષિત ટિકિટ બુકિંગ, લાઈવ ટ્રેન સ્થિતિ, PNR માહિતી, ભોજન સેવા તથા મુસાફર સહાય જેવી અનેક સેવાઓનો એક જ સ્થળે લાભ મેળવી શકે છે. તેમણે જણાવ્યું કે ટિકિટ લઈને મુસાફરી કરવી માત્ર કાનૂની ફરજ નથી, પરંતુ તે વિકસિત ભારતના નિર્માણમાં નાગરિકોનું મહત્વપૂર્ણ યોગદાન પણ છે. તેમણે વધુમાં કહ્યું કે દેશના વિવિધ ભાગોમાં આધુનિક ટ્રેનો ચલાવવામાં આવી રહી છે અને સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે, જે ભારતની પ્રગતિ અને ઓળખનું પ્રતિક છે. આ તમામ વિકાસમાં મુસાફરો દ્વારા ખરીદવામાં આવતી ટિકિટનું અમૂલ્ય યોગદાન છે. રેલ ટિકિટથી જ રેલ વ્યવસ્થા મજબૂત બને છે, ટ્રેનો વધુ સુરક્ષિત અને આધુનિક બને છે, મુસાફર સુવિધાઓમાં સુધારો થાય છે, રેલ નેટવર્કનો વિસ્તારો થાય છે અને સ્ટેશનોનું કાયાકલ્પ શક્ય બને છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ અભિયાન અંતર્ગત વિવિધ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે. ભાવનગર મંડળના મુખ્ય ત્રણ સ્ટેશનો — ભાવનગર ટર્મિનસ, વેરાવળ અને જુનાગઢ પર આ અભિયાન ખાસ રીતે ચલાવવામાં આવશે. આ સ્ટેશનો પર જાગૃતિ સ્ટોલ સ્થાપવામાં આવ્યા છે, સેલ્ફી પોઈન્ટની સુવિધા ઉપલબ્ધ છે તેમજ બેનર અને પોસ્ટર દ્વારા મુસાફરોને સંદેશ આપવામાં આવી રહ્યા છે. ઉપરાંત, નુક્કડ નાટક, વિડિયો સંદેશાઓ અને સોશિયલ મીડિયા મારફતે પણ રેલ મુસાફરોને ટિકિટ લઈને મુસાફરી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

૧લી ફેબ્રુ.એ ભારત બંધનું એલાન

## UGCની નવી ગાઈડલાઈન સામે દેશભરમાં વિરોધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)એ તાજેતરમાં જાહેર કરેલી નવી ગાઈડલાઈન સામે દેશવ્યાપી વિરોધ વધુ પ્રબળ બન્યો છે. જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ અને યુવાનોએ સુધારેલી માર્ગદર્શિકાને ભેદભાવપૂર્ણ ગણાવતા ૧લી ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન આપ્યું છે. દેશના સંખ્યાબંધ રાજ્યોમાં લોકોએ રસ્તા પર વિરોધ પણ કરી રહ્યા છે. સામાન્ય શ્રેણીના વિદ્યાર્થીઓએ તેમને અન્યાય થવાની આશંકાએ આ સુધારેલી ગાઈડલાઈન્સ તાત્કાલિક પરત ખેંચવા માંગ કરી છે. જાન્યુઆરીમાં સૂચિત કરાયેલી યુજીસીની નવી માર્ગદર્શિકાથી વર્ગ વિગ્રહ વધુ વકરી શકે છે. બિન અનામત ખાસ કરીને ઉચ્ચ જાતિના વર્ગમાં યુજીસીની સુધારેલી માર્ગદર્શિકાને લઈને કચવાટ છે. સામાન્ય જાતિના લોકોના મતે આ નિષ્પક્ષ માર્ગદર્શિકા નથી. તે સમાનતાને બદલે ભેદભાવ તથા નફરતને બળ પુરું પાડી શકે છે. વિરોધકર્તાઓએ જણાવ્યું કે, ભેદભાવ સામેની કાર્યવાહી નિષ્પક્ષ હોય તે જરૂરી છે, ભલે પીડિત અથવા આરોપીની જાતિ ગમે તે હોય. ઉચ્ચ જાતિના વિદ્યાર્થીઓ પણ ઉત્પીડનનો ભોગ બનતા હોય છે જેથી તેમને પણ સુરક્ષા પૂરી પાડવામાં આવે તેવી માગ દેખાવકારોએ કરી હતી.યુજીસીની સુધારેલી માર્ગદર્શિકામાં જાતિગત ભેદભાવનો અર્થ ફક્ત એસસી, એસટી અને ઓબીસી વિરુદ્ધના ભેદભાવને ગણાવ્યો છે. વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પર્ધાને આશ્વાસન આપતા જણાવ્યું કે, નિયમોનો દુરૂપયોગ નહીં થાય તથા કોઈપણ સાથે ભેદભાવ થશે નહીં. ભેદભાવના નામે કોઈ પણ આ નિયમોનો દુરૂપયોગ કરી શકશે નહીં. યુજીસી, કેન્દ્ર અને રાજ્ય સરકારોની જવાબદારી રહેશે.

# ફ્રાન્સમાં ૧૫ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ફ્રાન્સ સરકારે બાળકો અને સગીરોના ડિજિટલ સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મોટું અને કડક પગલું ભર્યું છે. ફ્રાન્સની નેશનલ એસેમ્બલીએ એક નવો કાયદો પસાર કર્યો છે, જે હેઠળ ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ વાપરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે. ઓનલાઈન બુલિંગ એટલે કે માનસિક પજવણી, વધતી હિંસા અને બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પડતી નકારાત્મક અસરોને રોકવા માટે આ નિર્ણય લેવાયો છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને અગાઉ પણ સોશિયલ મીડિયાને યુવાનોમાં વધતી આક્રમકતા માટે જવાબદાર ગણાવ્યું હતું.

મેક્રોન ઈચ્છે છે કે આગામી શૈક્ષણિક સત્ર એટલે કે સપ્ટેમ્બર પહેલા આ કાયદો દેશભરમાં લાગુ થઈ જાય.સંસદમાં આ બિલ રજૂ કરતા સાંસદ લોર મિલરે ચિંતા વ્યક્ત કરી હતી કે, ‘બાળકો ભણવાનું ઓછું અને સોશિયલ મીડિયામાં વધુ ધ્યાન આપે છે, જેથી આ કાયદા દ્વારા સમાજમાં એક સ્પષ્ટ સીમા નક્કી કરવામાં આવી રહી છે. કારણ કે, ફ્રાન્સ પહેલા ઓસ્ટ્રેલિયાએ ડિસેમ્બર મહિનાથી ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો છે. હવે બ્રિટન, ડેનમાર્ક, સ્પેન અને ગ્રીસ જેવા દેશો પણ આ મોડલનો અભ્યાસ કરી રહ્યા છે. યુરોપિયન યુનિયન પણ સમગ્ર યુરોપ માટે સોશિયલ મીડિયાના ઉપયોગની લઘુત્તમ ઉંમર નક્કી કરવા પર વિચાર કરી રહ્યું છે.

ફ્રાન્સમાં આ નિર્ણયને તમામ રાજકીય પક્ષો અને લોકોનો ભારે ટેકો મળ્યો છે. દક્ષિણપંથી સાંસદ થિએરી પેરેઝે આ પરિસ્થિતિને ‘હેલ્થ ઈમરજન્સી’ જણાવતા કહ્યું હતું કે, સોશિયલ મીડિયાએ તમામને બોલવા માટે એક મંચ પૂરું પાડ્યું પણ સૌથી મોટી કિંમત આપણા બાળકોએ ચૂકવવી પડી રહી છે.

## દાહોદના ગોદી રોડ પર રખડતા શ્વાનનો આતંક, ૧૨ લોકોને ભર્યા બચકાં

(સંપૂર્ણ સમાચાર સેવા) દાહોદ

સ્માર્ટ સિટી તરફ ડગ માંડી રહેલા દાહોદ શહેરમાં અત્યારે રખડતા શ્વાનોનો ત્રાસ એક ગંભીર સમસ્યા બનીને ઉભરી આવ્યો છે. શહેરના ભરચક ગણાતા ગોદી રોડ વિસ્તારમાં એકાએક રખડતા શ્વાનોએ આતંક મચાવતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે. માત્ર ગણતરીના કલાકોમાં જ હિંસક બનેલા શ્વાનોએ માસૂમ બાળકો અને મહિલાઓ સહિત કુલ ૧૨ લોકોને બચકાં ભરી લોહીલુહાણ કરી દીધા છે. ગોદી રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને ઘર પાસે રમી રહેલા બાળકો પર શ્વાનોએ અચાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા તમામ ૧૨ લોકોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોમાં નાના બાળકો અને મહિલાઓની સંખ્યા વધુ હોવાથી સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. શહેરીજનોમાં અત્યારે એવો ફાળ પડી રહ્યો છે કે બાળકોને ઘરની બહાર એકલા કેવી રીતે મોકલવા? આ પૂર્વે પણ અનેકવાર રખડતા શ્વાનોના ત્રાસ અંગે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, નગરપાલિકા કે વહીવટી તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. સ્થાનિકોનો આક્ષેપ છે કે શ્વાનોના ખસીકરણ અને તેમને પકડવાની કામગીરી માત્ર કાગળ પર જ ચાલી રહી છે, જેના પરિણામે આજે સામાન્ય નાગરિકોએ હોસ્પિટલના બિછાને રહેવાનો વારો આવ્યો છે.

જો તંત્ર વહેલી તકે આ રખડતા શ્વાનોના આતંકને ડામવા માટે સઘન ઝુંબેશ નહીં ચલાવે, તો આગામી દિવસોમાં કોઈ મોટી જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે. દાહોદના નાગરિકો હવે એક જ માંગ કરી રહ્યા છે: અમને રસ્તા પર ચાલવાની સુરક્ષા આપો.

## રાજયના ૧૫૦ નાયબ મામલતદાર અને ૨૦૭ જેટલા રેવન્યુ તલાટીઓની જિલ્લા ફેરબદલી

પ્રતિનિધિ,ગાંધીનગર

થોડા સમય અગાઉ સરકાર દ્વારા આઈપીએસ અધિકારીઓ અને આઈએએસ અધિકારીઓની રાજય સરકાર દ્વારા બદલીઓ કરવામાં આવી હતી. ત્યારે હવે રાજયમાં અલગ અલગ જગ્યાએ ફરજ બજાવતા ૧૪૫ જેટલા નાયબ મામલતદારો અને ૨૦૭ જેટલા રેવન્યુ તલાટીઓની જિલ્લા ફેરબદલીના આદેશો છુટયા છે. સરકારી હુકમમાં બદલી પામેલા કર્મચારીઓને સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરવામાં આવી છે કે જે કર્મચારીઓના નામ આ યાદીમાં છે તેમણે કોઈપણ જાતના વિલંબ કર્યા વગર નિર્ધારીત સમયમર્યાદામાં પોતાની નવી ફરજના સ્થળે હાજર થવાનુ રહેશે. આ બાબતે હવે કોઈપણ પ્રકારની બેદરકારી કે બહાનાબાજી ચલાવી લેવામાં આવશે નહી. સરકારી હુકમમાં સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે આ ફેરબદલીઓ વહિવટી જરૂરીયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે અને સંબંધિત કર્મચારીઓને નિર્ધારીત સમય મર્યાદામાં નવા જિલ્લાઓમાં હાજર થવાનુ રહેશે. સાથે જ ફેરબદલી પામનારા કર્મચારીઓ દ્વારા કોઈપણ પ્રકારની રજુઆત કે અપીલ માન્ય રહેશે નહી. એટલે કે હવે બદલી રદ કરાવવા કે સ્થળ બદલવા માટેની કોઈપણ અરજી કે ભલામણ ધ્યાને લેવાશે નહી.તેથી કર્મચારીઓએ આદેશનુ પાલન કરવુ ફરજીયાત છે.

આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સંબંધીત જિલ્લા કલેકટર કચેરીઓને પણ કડક સુચના આપી દેવામાં આવી છે. કલેકટરોએ બદલી થયેલા કર્મચારીઓને તાત્કાલીક અસર થી છુટા કરવાની અને જે તે જિલ્લામાં નવા હાજર થતા કર્મચારીઓની પ્રક્રિયા પુર્ણ કરવાની રહેશે જેથી પ્રજાલક્ષી મહેસુલી કામગીરી અટકે નહી. બદલી પામેલા તમામ કર્મચારીઓની વિગતવાર યાદી જે તે જિલ્લા કલેકટર કચેરીઓ અને મહેસુલ વિભાગની સત્તાવાર વેબસાઈટ પર મુકવામાં આવી છે.



## પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી–બીકાનેર અને પોરબંદર–જોધપુર વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેનો

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ તથા સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી–બીકાનેર અને પોરબંદર–જોધપુર વચ્ચે વિશેષ ભાડા પર બે વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

● ટ્રેન સંખ્યા ૦૯૪૯૧ સાબરમતી–બીકાનેર વન-વે સ્પેશિયલ

ટ્રેન સંખ્યા ૦૯૪૯૧ સાબરમતી–બીકાનેર વન-વે સ્પેશિયલ શુક્રવાર,૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાબરમતીથી ૧૭.૫૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૬.૩૦ કલાકે બીકાનેર પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ, જોધપુર અને નાગૌર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ તથા જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે.

● ટ્રેન સંખ્યા ૦૯૨૯૧ પોરબંદર–જોધપુર વન-વે સ્પેશિયલ

ટ્રેન સંખ્યા ૦૯૨૯૧ પોરબંદર–જોધપુર સ્પેશિયલ રવિવાર,૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોરબંદરથી ૧૯.૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૩.૦૦ કલાકે જોધપુર પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં વાંસજાલિયા, લાલપુરજામ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ અને સમદડી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ તથા જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૯૧ અને ૦૯૨૯૧નું બુકિંગ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસિટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧.૬૪ લાખ, ગોલ્ડ-ટેન રૂ.૧.૭૦ લાખ, ચાંદીનો વાયદો રૂ.૩.૮૩ લાખ અને ચાંદી-મિની રૂ.૩.૮૭ લાખને સ્પર્શ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૨ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૮૫૨૨.૮૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૯૩૨૩.૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૭૮૭૮.૦૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૬૬૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૭૮૫૧.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૮૫૨૨.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૪૯૩૨૩.૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૬૬૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૯૦૮.૫૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૭૮૭૮.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૯૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૪૯૦૦ અને નીચામાં રૂ.૧૫૯૯૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૭૬૯૯ના આગલા બંધ સામે રૂ.૬૦૦૦ વધી રૂ.૧૬૩૬૯૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૦૩૬ વધી રૂ.૧૩૭૬૮૯ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૮૭ વધી રૂ.૧૭૨૪૮ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૪૯ વધી રૂ.૧૬૪૦૯૩ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૭૦૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૭૦૫૦૦ અને નીચામાં રૂ.૧૬૭૦૯૯ના મથાળે અથડાઈ, રૂ.૧૬૬૩૩૫ના આગલા બંધ સામે રૂ.૩૫૧૨ વધી રૂ.૧૬૯૮૪૭ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૩૬૪૮૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૩૧૦૦ અને નીચામાં રૂ.૩૬૪૮૨૧ના મથાળે અથડાઈ, રૂ.૩૫૬૨૭૯ના આગલા બંધ સામે રૂ.૨૦૪૫૬ વધી રૂ.૩૭૬૭૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૫૯૪ વધી રૂ.૩૮૨૭૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૬૦૦ વધી રૂ.૩૮૨૭૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૬૧૯૪.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪.૬૫ વધી રૂ.૧૩૨૨.૧૫ થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૯.૯ વધી રૂ.૩૩૪.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૫.૧ વધી રૂ.૩૨૩.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૩૦ પૈસા વધી રૂ.૧૯૧.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૯૦૭.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૦૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૮૦ અને નીચામાં રૂ.૩૮૬૦ના મથાળે અથડાઈ, રૂ.૨૨ વધી રૂ.૩૯૭૦ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૫૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૯૭ અને નીચામાં રૂ.૫૭૧૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૦૫ના આગલા બંધ સામે રૂ.૫૨ વધી રૂ.૫૭૫૭ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૭ વધી રૂ.૫૭૬૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૩૩૬.૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫.૮ ઘટી રૂ.૩૩૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૨ના ભાવે ખૂલી, રૂ.૧.૪ વધી રૂ.૧૦૦૯.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૩૦ના ભાવે ખૂલી, રૂ.૯ વધી રૂ.૨૬૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૮૪૦૭.૭૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૯૪૭૦.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૮૬૭.૫૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૨૫.૯૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦.૩૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૭૦.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૪.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૮૮.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૦૪.૭૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૭૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૬૬૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૧૦૩૭૫૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૮૭૬૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૦૪૨૩૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૭૧૦૪૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૩૧૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૫૭૪૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૮૬૧૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૬૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૧૪૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨૪૬૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૫૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૬૮૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૫૫૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૬૪૨ પોઈન્ટ વધી ૪૬૬૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૭.૪ વધી રૂ.૨૬૮.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૫ ઘટી રૂ.૩૩.૫૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૨૯.૫ વધી રૂ.૮૭૩૩.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૯૬૪ વધી રૂ.૬૨૯૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૩૮ વધી રૂ.૩૫.૧૧ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૮૨ વધી રૂ.૧૯.૪૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૩.૫ ઘટી રૂ.૨૪૬.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૩ વધી રૂ.૧૭.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૨.૫ ઘટી રૂ.૧૨૨૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯૭૨.૫ ઘટી રૂ.૮૫૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૬ ઘટી રૂ.૧૬.૦૮ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૦ પૈસા વધી રૂ.૫.૦૫ થયો હતો.

# જીતુ વાઘાણીના ગઢમાં કોળી સમાજની ન્યાય સભાઃ ૧ ફેબ્રુ. એ ભાવનગરમાં કોળી સમાજનુ મહાસંમેલનઃ ૨૦૦ સ્થળે બેનરો સાથે તડામાર તૈયારી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



બગદાણા હુમલા કેસમાં માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર ની ધરપકડ બાદ પણ કોળી-ઠાકોર સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સમસ્ત કોળી-ઠાકોર સમાજ દ્વારા આગામી ૧ ફેબ્રુઆરીએ ભાવનગર ખાતે એક વિશાળ ન્યાય સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ખાસ વાત એ છે કે આ સભા કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીના મતવિસ્તારમાં યોજાનાર છે. જેના કારણે રાજકીય ગરમાવો વધી ગયો છે. ન્યાય સભાને સફળ બનાવવા માટે ભાવનગરના ખુણેખુણે તૈયારીઓ ચાલી રહી છે. હાદાનગર, મેપાનગર, કુંભારવાળા, બોરતળાવ અને નારી ગામ સહિતના વિસ્તારોમાં ૨૦૦ થી વધુ બેનરો લગાડવામાં આવ્યા છે. સભા સ્થળે મંડપારોહણની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કોળી સમાજના યુવા આગેવાન હિરેન વાઘેલાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે સમાજના લોકોને જાગૃત કરવા માટે રોજ રાત્રે વિવિધ વિસ્તારોમાં મીટીંગો કરવામાં આવી રહી છે. કોળી સમાજના આગેવાનોએ આ મામલે પોલીસની ભુમિકા સામે પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે સ્પષ્ટ જણાવ્યુ હતુ કે આ કેસમાં તપાસ સાથે સંકળાયેલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે પગલા લેવાની માંગ કરવામાં આવી છે. આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે આ પ્રકરણમાં કયાંક ને કયાંક જીતુ વાઘાણીની ભુમિકા છે અને તેઓ સમાજમાં ભાગલા પડાવવાની નીતિ અપનાવી રહ્યા છે. આગેવાનોએ હુંકાર કર્યો હતો કે જયારે સમાજ પર અત્યાચાર થાય ત્યારે ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી ભુલીને આખો સમાજ એક થઈને લડશે,

આ ન્યાય સભામાં કોળી સમાજના તમામ સાંસદો અને ધારાસભ્યોને હાજર રહેવા સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યુ છે. સમાજ પોતાના રાજકીય પ્રતિનિધિઓ પાસે આ મામલે મકકમ સ્ટેન્ડની અપેક્ષા રાખી રહ્યો છે. તો બીજી તરફ ૨૪ જાન્યુઆરીએ ધરપકડ કરાયેલા જયરાજ આહીરને મહુવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. કોર્ટે તેની જામીન અરજી નામંજુર કરતા તેને ભાવનગર જિલ્લા જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. ૨૫ જાન્યુઆરીની સાંજે ૭ વાગે તેને જેલના સળીયા પાછળ ધકેલી દેવાયો છે. નોંધનીય છે કે કોર્ટમાં રજુ કરતી વખતે જયરાજ ઢીલો પડયો હતો પરંતુ જેલમાં પ્રવેસથી વખતે તેના ચહેરા પર સ્મિત જોવા મળ્યુ હોવાની ચર્ચાએ જોર પકડયુ હતું.

# તાપી ભાજપમાં ભુકંપ સર્જાયો : મોરચાના પ્રમુખોએ હોદ્દાઓ ઠુકરાવી દીધા

પ્રતિનિધિ,ગાંધીનગર



તાપી જિલ્લા ભાજપમાં સંગઠન માળખાની જાહેરાત પહેલા જ ભીષણ વિવાદ ફાટી નિકળ્યો છે. જિલ્લા પ્રમુખ દ્વારા પોતાના માનીતા અને વિવાદાસ્પદ ભુતકાળ ધરાવતા વ્યકિતઓને મહામંત્રી બાનાવવાની પેરવી થતા વફાદાર કાર્યકરોએ બળવાના સુર છેડયા છે.

ખાસ કરીને અમિત પટેલ નામના વ્યકિતને મહામંત્રી બનાવવા માટે ૨૦ લાખ રૂપીયાની લેવડ દેવડ થઈ હોવાના આક્ષેપોએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

જિલ્લા પ્રમુખે જયારે વિવિધ મોરચાના પ્રમુખોની નિમણુંક માટે ફોન કરવાનુ શરૂ કર્યુ ત્યારે તેમને ભારે આંચકો લાગ્યો હતો. ઓબીસી મોરચાના પ્રમુખ પદ માટે ટવીન્કલ પટેલ, આદિજાતિ મોરચા માટે ધવલ ચૌધરી અને મહિલા મોરચા માટે કલ્પનાબેન મિસ્ત્રીએ આ હોદ્દાઓ સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. આ નેતાઓનુ માનવુ છે કે જો વિવાદાસ્પદ લોકોને સંગઠનમાં ઉચ્ચ સ્થાન અપાશે તો સામાન્ય કાર્યકરોનો પક્ષ પરથી વિશ્વાસ ઉઠી જશે. વિવાદાસ્પદ નામોની નિમણુંકના સમાચાર વાયુવેગે ફેલાતા જ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના સભ્યોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ નિમણુંકો રદ કરવામાં નહી આવે તો મોટી સંખ્યામાં હોદ્દેદારો અને સભ્યો સામુહિક રાજીનામા આપી શકે છે. કાર્યકરોએ ચીમકી આપી છે કે જો સંગઠન માળખુ લોકશાહી ઢબે અને વફાદાર કાર્યકરોને પ્રાધાન્ય આપીને નહી રચાય તો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપે ગંભીર પરીણામો ભોગવવા પડશે.

# અમદાવાદ-મહેસાણા હાઈવે બનશે હવે ૮- લેઈનઃ ૧ એલીવેટેડ કોરીડોર અને ૮-ફલાય ઓવર સાથે વાહન ચાલકોને મળશે મોટી રાહત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની નેતૃત્વમાં રાજયની જનતા માટે રોડ રસ્તા સહિતની શ્રેષ્ઠ માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજય સરકાર કટીબધ્ધ છે. જેના ભાગરૂપે અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા મહત્વના એવા અમદાવાદ મહેસાણા વચ્ચેના ૫૧ કિ.મી.ના હાઈવે ને રૂપીયા ૨,૬૩૦ કરોડના ખર્ચે ૮ માર્ગીય કરવાના પ્રોજેકટને મુખ્યમંત્રી દ્વારા કેબિનેટ બેઠકમાં મંજુરી આપી દેવામાં આવી છે.

આ કામગીરી પુર્ણ થવાથી ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ તથા બનાસકાંઠા જિલ્લાની પ્રજાને આ સુવિધાનો લાભ મળવાની સાથે વરસો જુની માંગ સંતોષાશે તેવુ સરકારી પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું. પ્રવકતા મંત્રી વાઘાણીએ કહ્યુ હતુ કે અડાલજ થી પાલાવાસણા સર્કલ, મહેસાણા સુધીના કુલ ૫૧.૬૦ કિ.મી. ના માર્ગને ૮ માર્ગીય કરાશે. અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા આ હાઈવેને વર્ષ ૧૯૯૯ માં ૪ માર્ગીય બનાવવામાં આવ્યો હતો જેમાં રોડ રસ્તાની સળંગ લંબાઈમાં રસ્તાની બંને બાજુ સર્વિસ રોડની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તાજેતરના ટ્રાફીક સર્વે મુજબ એક દિવસમાં અંદાજે કુલ ૧ લાખ થી વધારે વાહનો આ માર્ગ ઉપર અવર જવર કરે છે. જેથી રોડ રસ્તા પરના ટ્રાફીક ભારણને ધ્યાને લઈ હયાત ૪ માર્ગીય રસ્તાને ૮ માર્ગીય કરવાના પ્રોજેકટને મંજુરી આપવામાં આવી છે. જેમાં મુખ્ય રસ્તાને ૮ માર્ગીયકરણ તથા રસ્તાની બંને બાજુ ૭.૦૦ મીટર પહોળા સર્વિસ રોડ બનાવવામાં આવશે. જેથી ટ્રાફીકની સમસ્યાના નિરાકરણની સાથે ઝડપી અને સલામત પરીવહન શકય બનશે. પ્રવકતા મંત્રીએ પ્રોજેકટ અંગે વિગતો આપતા કહ્યુ હતુ કે અમદાવાદ મહેસાણા માર્ગ વચ્ચે આવતા કલોલ શહેરના ટ્રાફીકનુ ભારણ ઘટાડવા શહેરમાંથી પસાર થતી લંબાઈમાં સમાવિષ્ટ ૫ ઓવરબ્રિજ / ફલાયઓવરને જોડતો કુલ ૬.૧૦ કિ.મી. લંબાઈનો એલીવેટેડ કોરીડોર તૈયાર કરાશે જેથી સ્થાનિક શહેરના આંતરીક ટ્રાફીકના કોઈપણ અવરોધ વિના હાઈવે પરનો ટ્રાફીક પસાર થઈ શકે.

વધુમાં રોડ રસ્તા પરના તમામ બ્રિજ સ્ટ્રકચર / પાઈપ કલવર્ટ / બોક્ષ કલવર્ટ ને ૮ માર્ગીય કરવાની કામગીરી કરવામાં આવશે. પ્રવકતા મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આ ઉપરાંત ૮ ફલાયઓવરમાં મુખ્યત્વે શેરથા ખાતે ૨ , રાજપુર, ભાસરીયા, જગુદણ, મેવડ ખાતે મળી કુલ ૬ નવા ફલાયઓવર જયારે કલોલ અને છત્રાલ ખાતે વધારાના ૪ માર્ગીય ફલાયઓવર બનશે. વધુમાં ૮ સ્થળોએ અંડરપાસ બનાવવામાં આવશે. જેમા શેરથા પાસે ૨ , ઈફકો કલોલ પાસે ૧, કલોલ શહેર ખાતે ૨, છત્રાલ પાસે ૧ અને નંદાસણ અને ગણેશપુરા પાસે ૧-૧ અંડરપાસ બનશે. જયારે હયાત કલોલ આરઓબી ની બાજુમાં નવો વધારાનો ૪ માર્ગીય આરઓબી બનશે. આ પ્રોજેકટની કામગીરીના ટેન્ડર ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે. આ ટેન્ડરની મંજુરી મળ્યા બાદ બે વરસમાં કામગીરી પુર્ણ કરવાનુ આયોજન છે તેવુ મંત્રીએ જણાવ્યુ હતું.

# સુરતના પાંડેસરામાં લુમ્સના કારખાનામાં ભીષણ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઔદ્યોગિક વિસ્તાર પાંડેસરામાં આજે વહેલી સવારે એક લુમ્સના કારખાનામાં અચાનક ભયાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

કારખાનામાં રહેલા કાપડના જથ્થા અને મશીનરીને કારણે આગએ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આકાશમાં ધુમાડાના કાળા ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ થતા જ કારખાનામાં કામ કરતા શ્રમિકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. સદનસીબે, આ દુર્ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી,

પરંતુ લાખોની મિલકત બળીને ખાખ થઈ ગઈ હોવાની આશંકા છે.

આગની જાણ થતા જ સુરત ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર વિભાગની કુલ ૮ ગાડીઓ દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. સાંકડી ગલીઓ અને ગીચ વિસ્તાર હોવા છતાં ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગને વધુ ફેલાતી અટકાવી હતી.


## પશ્ચિમ રેલ્વે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVTH25-02 | 12-02-26 13:00:00 |

| ક્ર. નં. | લોટ નં. | સ્થાન/વિસ્તાર | દિવસ | ઈ-હરાજીની બંધ કરવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | HyB-OnB-99674-25-1 (હાઇબ્રિડ NFR- ઓન-બોર્ડ હાઇબ્રિડ) | પશ્ચિમ રેલ્વેના મુંબઇ ડિવિઝનના નામાંકિત મેલ/એક્સપ્રેસ ટ્રેનોના રિઝર્વ્ડ કોચમાં જાહેરાતો સાથે લિનન કવર બેગની ખરીદી અને પુરવઠા માટે 03 વર્ષના સમયગાળા માટે કરાર. | 1096 | 12-02-26 13:30:00 |

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVTM25-50 | 12-02-26 14:00:00 |

| ક્ર. નં. | લોટ નં. | સ્થાન/વિસ્તાર | દિવસ | ઈ-હરાજીની બંધ કરવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | MSS-BCT-MIRA-MedStn-101-26-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ) | મીરા રોડ રેલ્વે સ્ટેશન પર 5 વર્ષ માટે ઇમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી. | 1826 | 12-02-26 14:30:00 |
| 2 | MSS-BCT-VLP-MedStn-97-26-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ) | વિલેપાર્લે રેલ્વે સ્ટેશનો પર 5 વર્ષ માટે ઇમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી. | 1826 | 12-02-26 14:40:00 |
| 3 | MSS-BCT-ADH-MedStn-98-26-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ) | અંધેરી રેલ્વે સ્ટેશન પર 5 વર્ષ માટે ઇમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી. | 1826 | 12-02-26 14:50:00 |
| 4 | MSS-BCT-KILE-MedStn-100-26-1(વિવિધ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ) | કાંદિવલી રેલ્વે સ્ટેશન પર 5 વર્ષ માટે ઇમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી. | 1826 | 12-02-26 15:00:00 |
| 5 | MSS-BCT-MDD-MedStn-99-26-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - સ્ટેશન પર તબીબી સુવિધાઓ) | મલાડ રેલ્વે સ્ટેશન પર 5 વર્ષ માટે ઇમરજન્સી મેડિકલ રૂમ દ્વારા ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી. | 1826 | 12-02-26 15:10:00 |

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-25-73 | 12-02-26 15:00:00 |

| ક્ર. નં. | લોટ નં. | સ્થાન/વિસ્તાર | દિવસ | ઈ-હરાજીની બંધ કરવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-BCT-CCG-OSD-465-25-1 (જાહેરાત - સ્ટેશન પ્રિમાઈસ પર (ડિજિટલ)) | ચર્ચગેટ (CCG) સ્ટેશન, નોન-ટિકિટિંગ વિસ્તાર પર 5 વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1826 | 12-02-26 15:30:00 |
| 2 | ADVT-BCT-UDN-OSN-470-26-1 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | ઉધના (UDN) સ્ટેશન પર ત્રણ વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1096 | 12-02-26 15:40:00 |
| 3 | ADVT-BCT-RMAR-OSN-170-26-1 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | રામ મંદિર (RMAR) સ્ટેશન પર ત્રણ વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1096 | 12-02-26 15:50:00 |
| 4 | ADVT-BCT-UOI-OSN-182-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | ઉમરોલી (UOI) સ્ટેશન પર 3 વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1096 | 12-02-26 16:00:00 |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 02267644212. ઇમેઇલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.

1054

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly


માસિક રૂપીયા ૨૦૦ અને વાર્ષિક વધુમાં વધુ રૂપીયા ૨૪૦૦ ની મળશે સહાય

# આંગણવાડી કાર્યકર બહેનોની માંગણીઓનો આવ્યો અંત : અનાજના જથ્થા માટે હવે બહેનોએ ખીસ્સામાંથી ખર્ચ નહી કરવો પડે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજય સરકારે આંગણવાડી બહેનોની લાંબા સમયની માંગણી સ્વીકારીને અનાજના જથ્થાના પરીવહન માટે થતા ખર્ચ ની જવાબદારી ઉઠાવવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી રાશન લાવવા માટે જે ખર્ચ બહેનોએ પોતાના ખીસ્સામાંથી કરવો પડતો હતો તેમાં હવે સરકારે આર્થિક સહાય પુરી પાડવાનો નિર્ણય લીધો છે. આંગણવાડી કેન્દ્રો પર બાળકો અને સગર્ભા માતાઓ માટે અનાજ તેમજ રાશનનો જથ્થો સસ્તા અનાજની દુકાને થી લાવવો પડે છે. આ જથ્થો લાવવા માટે ટેમ્પો કે અન્ય વાહનનુ ભાડુ અત્યારસુધી આંગણવાડી કાર્યકર બહેનોએ પોતે ખર્ચવુ પડતુ હતું. આ મુદ્દે અનેક સંગઠનો દ્વારા રજુઆતો કરવામાં આવી હતી કે અલ્પ માનદવેતનમાં આ વધારાનો બોજ બહેનો માટે આર્થિક મુશ્કેલી ઉભી કરે છે. રાજય સરકારના તાજેતરના નિર્ણય મુજબ આંગણવાડી કાર્યકરોને રાશન પરીવહન પેટે સહાય મળશે. જેમાં માસિક સહાય રૂપીયા પ્રતિમાસ મળશે, જયારે વર્ષમા વધુમાં વધુ રૂપીયા ૨૪૦૦ ની સહાય ડાયરેકટ બેનીફીટ મળશે, આ રકમ સીધી કાર્યકરોના ખાતામાં અથવા નકકી કરેલી પધ્ધતિ મુજબ ચુકવવામાં આવશે જેથી પારદર્શિતા જળવાય. વરસોથી પડતર આ માંગણી સંતોષાતા રાજયભરની આંગણવાડી બહેનો માં આનંદની લહેર જોવા મળી રહી છે. કાર્યકરોનુ કહેવુ છે કે રકમ કદાચ નાની લાગે, પણ વરસોથી જે અન્યાય થતો હતો તેનો અંત આવ્યો છે અને સરકારે અમારી મુશ્કેલીને સમજી છે. આ નિર્ણયથી રાજયના અંતરીયાળ વિસ્તારોમાં કાર્યરત બહેનોને સૌથી વધુ ફાયદો થશે. જયાં પરીવહન ખર્ચ પ્રમાણમાં વધારે રહેતો હોય છે. સરકારના આ પગલાથી આંગણવાડી કામકાજ માં વધુ સુગમતા આવશે અને કાર્યકરો વધુ ઉત્સાહથી પોતાની સેવાઓ આપી શકશે.

વિસાવદર પેટા ચૂંટણીમાં ગોપાલ ઈટાલીયાની જીત એક મોટો સંકેતઃ ભગવંત માન

# પંજાબની AAP સરકારના મુખ્યમંત્રી ભગવંત માનજીનું અમદાવાદ ખાતે આગમન





અરવિંદ કેજરીવાલજીનું શિક્ષા અને સ્વાસ્થ્યનું મોડલ જે પંજાબમાં પણ લાગુ કર્યું છે, તેને ગુજરાતમાં પણ લાગુ કરીશુંઃ ભગવંત માન

SIRની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે તો ઈલેક્શન કમિશને સામે આવીને સંતોષકારક પગલાં લેવા જોઈએઃ ભગવંત માન

SIR દ્વારા જો નકલી જનતા બનતી રહી તો પછી જનતંત્ર કેવી રીતે રહેશે?ઃ ભગવંત માન

## ગુજરાતમાં AAPનું સંગઠન મજબૂત, ગામે ગામ અને શહેરોમાં મોટી મોટી સભાઓ યોજાઈ રહી છેઃ ભગવંત માન

UGC મુદ્દે જો કોઈ સવાલ ઉઠી રહ્યા છે તો તેમાં સંતોષકારક ઈન્સ્પેક્શન થવું જોઈએઃ ભગવંત માન

પંજાબે સૌથી વધુ બલિદાન આપ્યા છે અને અનાજની તંગી સમયે ગ્રીન રિવોલ્યુશનમાં પણ પંજાબે મોટો ફાળો આપ્યો છતાં પણ આજ દિન સુધી પંજાબ પાસે પોતાની રાજધાની નથીઃ ભગવંત માન

મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી અજીત પવારજીની આત્માને ભગવાન શાંતિ આપેઃ ભગવંત માન

# ગુજરાતમાં રોડ રસ્તા રીપેરીંગ માટે નગરપાલિકાઓ હવે પોતે નિર્ણય લઈ શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને વધુ શકિતશાળી અને સ્વાયત બનાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર એક મોટો વહિવટી સુધારો કરવા જઈ રહી છે. હવે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ રોડ રસ્તાના નિર્માણ કે રીપેરીંગ માટે રાજય સરકારની ટેકનીકલ કે વહિવટી મંજુરીની રાહ જોવી પડશે નહી.

આગામી ૧૭ ફેબ્રુઆરીએ રજુ થનારા વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં આ અંગેની સત્તાવાર જાહેરાત થવાની પુરેપુરી શકયતા છે. અત્યારસુધી નગરપાલિકાઓને રોડ રસ્તાના સામાન્ય કામ માટે પણ ગાંધીનગર સુધી ફાઈલો દોડાવવી પડતી હતી. જેના કારણે ખાસ કરીને ચોમાસા બાદ બિસ્માર રોડ રસ્તાઓના રીપેરીંગ માં મહિનાઓ નીકળી જતા હતા. નવી નીતિ મુજબ હવે ટેન્ડરીંગ અને અમલીકરણની તમામ સત્તા સ્થાનિક સ્તરે જ રહેશે. અગાઉ નગરપાલિકાઓને તેના વર્ગ મુજબ ૩૦ થી ૭૦ લાખ સુધીના જ અધિકારો હતા પરંતુ હવે નાણાંકીય ખર્ચની કોઈ મર્યાદા રહેશે નહી. સરકાર માત્ર પ્રોજેકટની દેખરેખ અને ગુણવત્તા પર નજર રાખશે. આ નિર્ણયથી પાયાના સ્તરે અધિકારીઓ અને ચુંટાયેલા પ્રતિનિધિઓની જવાબદારી વધશે.

જો રોડ રસ્તાનુ કામ નબળુ થશે તો નાગરીકો સીધા સ્થાનિક નગરપાલિકાના સત્તાધીશોને સવાલ કરી શકશે. કામમાં પારદર્શિતા લાવવા માટે રાજય સરકાર થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન ફરજીયાત બનાવશે. આ ઉપરાંત કોન્ટ્રાકટરો માટે લાંબા ગાળાનુ ગેરન્ટી પીરીયડ પણ નકકી કરાશે. જેથી જો નિશ્ચિત સમયમાં રોડ રસ્તો તુટે તો કોન્ટ્રાકટરે સ્વ ખર્ચે તે રીપેર કરી આપવો પડશે. આ સુધારો શહેરી વિકાસ વર્ષ અંતર્ગત ગુજરાતના શહેરોની આંતર માળખાકીય સુવિધાઓને નવી ઉંચાઈએ લઈ જશે.

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવના હસ્તે અપાયા રોકડ પુરસ્કાર

# અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે 'વિકાસદીપ' યોજના અંતર્ગત બંદીવાનોના તેજસ્વી સંતાનોનું બહુમાન



જેલના ચાર દીવાલો પાછળ સજા કાપી રહેલા બંદીવાનોના સંતાનો સમાજમાં ગૌરવભેર આગળ વધે અને સરકારી સેવાઓમાં જોડાય તેવા ઉમદા આશય સાથે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં અમલી કરાયેલી 'વિકાસદીપ' યોજના અંતર્ગત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે એક વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજયના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવના અધ્યક્ષ સ્થાને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થયેલા બંદીવાનોના સંતાનોને રોકડ ઈનામ અને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન મુખ્યત્વે બે બંદીવાનના દીકરાઓ એવા તેજસ્વી યુવાનોની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. અમદાવાદ મધ્યસ્થ જેલના બંદીવાન રાજેન્દ્રસિંહ જટુભા જાડેજાના પુત્ર, જેમણે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ-૨૦૨૪ ની પ્રક્રિયા પૂર્ણ કરી 'અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ' તરીકે પસંદગી મેળવી છે. તે ઉપરાંત રાજકોટ મધ્યસ્થ જેલના જેલમુક્ત પાકા બંદીવાન સુરસંગભાઈ સોલંકીના પુત્ર, જેમણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા પાસ કરી સુરત ખાતે 'જુનિયર ક્લાર્ક' (અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ) તરીકે નિમણૂંક મેળવી છે.

બંને તેજસ્વી યુવાનોને રાજ્યના પોલીસ વડાશ્રીના હસ્તે 'વિકાસદીપ' યોજના હેઠળ રૂા. ૧૫,૦૦૧/- નું રોકડ પુરસ્કાર, યાદગાર મોમેન્ટો તેમજ પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

આ અવસરે રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવે જણાવ્યું હતું કે, જેલ એ માત્ર સજાનું કેન્દ્ર નથી પણ સુધારણાની પાઠશાળા છે. બંદીવાનોના બાળકો શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આગળ વધી ઉજ્જવળ ભવિષ્ય બનાવે તે માટે જેલ વિભાગ સતત પ્રયત્નશીલ છે.

આ પ્રસંગે જેલ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ જેલ અધિક્ષક શ્રી ગૌરવ અગ્રવાલ, નાયબ અધિક્ષક પી.આઈ. સોલંકી, અન્ય ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બંદીવાન ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. જેલ પ્રશાસનની આ સુધારાત્મક પ્રવૃત્તિને હાજર સૌએ હૃદયપૂર્વક વધાવી લીધી હતી.

છેલ્લા બે વર્ષમાં અપાયેલા પ્રોત્સાહનો

૧. 'એક નઈ ઉમ્મીદ' યોજનાઃ રાજ્યની જેલોમાં રહેલા બંદીવાનોને ધોરણ ૧૦, ધોરણ ૧૨ તથા હાયર પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા ૫૭ બંદીવાનોને તા.૧૨/૦૮/૨૦૨૪ના રોજ રૂ.૭૪,૦૫૭/-પ્રોત્સાહન સ્વરૂપે રોકડ ઈનામ તેમજ પ્રશંસાપત્ર આપવામાં આવ્યા હતા.

૨. પાકા બંદીવાનોના ૭૭ બાળકોને પ્રોત્સાહનઃ ૩૮ પાકા બંદીવાનોના કુલ ૩૯ બાળકોને તા.૨૧-૧૧-૨૦૨૪ના રોજ રૂ.૫૪,૦૩૮/- તથા તા.૨૫-૦૬-૨૦૨૫ના રોજ પાકા ૩૪ બંદીવાનોના કુલ ૩૮ બાળકોને રૂ.૪૭,૫૩૮/- પ્રોત્સાહન સ્વરૂપે રોકડ ઈનામ તેમજ પ્રશંસાપત્ર આપવામાં આવ્યા હતા.

૩. ૧૦ બંદીવાનોના બાળકોઃ તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ કુલ પાકા ૧૦ બંદીવાનના ૧૦ બાળકોને રૂ.૧૧,૫૦૦/- પ્રોત્સાહન સ્વરૂપે રોકડ ઈનામ તેમજ પ્રશંસાપત્ર આપવામાં આવ્યા.

૪. ૫૧ બંદીવાનોઃ રાજ્યની જેલોમાં રહેલ બંદીવાનોને 'એક નઈ ઉમ્મીદ' યોજના અન્વયે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયેલ કાચા/પાકા/પાસા હેઠળ રહેલ કુલ ૫૧ બંદીવાનોને તા.૨૫-૦૬-૨૦૨૫ના રોજ રૂ.૫૭,૫૫૧/- પ્રોત્સાહન સ્વરૂપે રોકડ ઈનામ આપવામાં આવેલ.

૫. તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ કુલ ૦૧ બંદીવાનોને રૂ.૧,૫૦૧/- પ્રોત્સાહન સ્વરૂપે રોકડ ઈનામ આપવામાં આવ્યું.

હું નોબલ કોઝ હોય તેવા જ કાર્યક્રમોમાં જાઉ છું : ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકી

# થેલેશમિયાનાં બાળ દર્દીઓ માટે સ્વૈચ્છિક રક્તદાન શિબિર આશીર્વાદ સમાન છે : ઝોન - ૩, ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકી

## સમસ્ત બંગાળી સમાજ દ્વારા થેલેસેમીયાના બાળ દર્દીઓ ને રક્ત પૂરું પાડવા માટે સતત ૨૦મી સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું સફળ આયોજન કરાયું

કરસન સોલંકી

અમદાવાદ,



નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૯ મી જન્મજયંતિ નિમિત્તે સમસ્ત બંગાળી સમાજ દ્વારા રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના સહકારથી અવરિત ૨૦ મી થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા યોજવામાં આવેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં અમદાવાદ શહેર ઝોન - ૩, ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકીએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝને પુષ્પ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકીએ જણાવ્યું હતું કે હું નોબલ કોઝ હોય તેવા જ કાર્યક્રમો માં જાઉ છુ. જાહેર મેળાવડામાં જતી નથી. ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકીએ સમસ્ત બંગાળી સમાજ તરફથી દર વર્ષે આવી પ્રેરણાદાયક સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજાવા માટે શુભેચ્છા પાઠવી હતી.

શ્રી પારૂલબેન સોલંકીનું બહુમાન સમસ્ત બંગાળી સમાજનાં પ્રમુખ રઉફભાઈ શેખ તથા ઉપપ્રમુખ સુજીતભાઈ બેનરજીએ શાલ અને પુષ્પ ગુચ્છ અર્પણ કરી કર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ કોર્પોરેટર મયુર દવેએ કહ્યું હતું કે ગાંધી રોડ પર સમસ્ત બંગાળી સમાજ તરફથી સતત ૨૦મી થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા યોજવામાં આવેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિર કોમી એકતાનું પ્રતિક છે.

આ રક્તદાન શિબિરમાં સમસ્ત બંગાળી સમાજ એસોસિએશનનાં પ્રમુખ રઉફભાઈ શેખ, ઉપપ્રમુખ સુજીત બેનર્જીએ શાલ અને પુષ્પ ગુચ્છ અર્પણ કરી બહુમાન કર્યું હતું. સમસ્ત બંગાળી સમાજ એસોસિએશનનાં પ્રમુખ રઉફભાઈ શેખ, ઉપપ્રમુખ સુજીત બેનર્જીએ સતત ૨૦મી થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા યોજવામાં આવેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિર માં રક્તદાતાઓને સર્ટીફીકેટ અને ગિફ્ટ આપી સહુનો આભાર માન્યો હતો.

# ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભામાં દુકાનદારોએ મચાવ્યો હોબાળો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભામાં દુકાનદારો રજુઆત કરવા માટે ચાલુ સભામાં જઈને હોબાળો મચાવતા મામલો ગરમાયો હતો. દુકાનદારોની દુકાનો રીન્યુ કરવા બાબતે રજુઆત કરી આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભામાં પાલિકા સંચાલિત ગાયત્રી કોમ્પલેક્ષના દુકાનદારોએ પરવાનો રીન્યુ કરવા બાબતે ઉગ્ર રજુઆત કરી હોબાળો મચાવ્યો હતો. જો કે સામાન્ય સભામાં આવીને રજુઆત નહી કરવા જણાવતા મામલો ગરમાયો હતો. આ વખતે વિપક્ષના સભ્યોએ દુકાનદારો તરફી વલણ અપનાવી જણાવ્યુ હતુ કે દુકાનદારોને રજુઆત કરતા કોઈ રોકી ન શકાય અને તેમની વાત સાંભળીને યોગ્ય નિર્ણય કરવા સુચન કર્યુ હતું. જેના કારણે સામાન્ય સભામાં સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી સાથે તુ તુ મે મે દ્રશ્યો સર્જાયા હતા. દુકાનદારોએ જણાવ્યુ હતુ કે આ દુકાનોમાં અમે છેલ્લા ૧૦ વરસથી વ્યવસાય કરી ગુજરાન ચલાવીએ છીએ. અમારી આ દુકાનો પાલિકા પાસેથી ભાડા પટ્ટે લીધી છે અને દુકાનોનુ રીન્યુ કરવાની સમયમર્યાદા માર્ચ ૨૦૨૫ માં પુરી થઈ ગઈ છે. જે રીન્યુ કરવા બાબતે દુકાનદારો દ્વારા લેખિત અને મૌખિક રજુઆતો કરવા છતાં આ રજુઆતોને નજર અંદાજ કરાઈ રહી છે.

દુકાનદારો તરફથી પાલિકાને વિકાસ ફાળા પેટે આશરે ૫ લાખ ૨૫ હજાર જેટલી રકમ આપેલ છે. વધુમાં દુકાનદારોએ આક્ષેપ કર્યો હતો કે અન્ય શહેરોમાં આવી ભાડા પટ્ટે આપેલી દુકાનો કોઈ પણ જાતની રજુઆતો સિવાય રીન્યુ કરી આપવામાં આવે છે તો ખેડબ્રહ્મા નગરપાલિકા ના સત્તાધીશો અમારી સામે કેમ ભેદભાવ યુકત વર્તન કરે છે તે અમને સમજાતુ નથી. જો આગામી ટુંક સમયમાં દુકાનો રીન્યુ નહી કરાય તો દુકાનદારો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ગર્ભીત ચીમકી ઉચ્ચારી હતી.

વડાલી તાલુકા મેમણ સ્કુલ કમિટી સંચાલિત

# સનરાઈઝ પ્લે ગૃપ સ્કુલ માં જમાતના પ્રમુખ હા. યુસુફભાઈ મેમણની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ






સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે વડાલી તાલુકા મેમણ જમાત અને સ્કુલ કમિટી દ્વારા સનરાઈઝ પ્લે ગૃપ સ્કુલ ના પટાંગણમાં વડાલી મેમણ જમાતના પ્રમુખ હા. યુસુફભાઈ મેમણના અધ્યક્ષપદે વડાલી મેમણ કોલોની શાહીનપાર્ક બગીચા ખાતે ૭૭ માં પ્રજાસત્તાક પર્વની આન,બાન અને શાન થી ઉજવણી કરવામાં આવી હતી.

વડાલી સનરાઈઝ પ્લે ગૃપ સ્કુલના ગાર્ડનમાં મેમણ જમાતના પ્રમુખ હા.યુસુફભાઈ મેમણ સહિત કમિટીના મહાનુભાવો દ્વારા ગૌરવભેર ધ્વજવંદન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ શાળાના ભુલકાઓ દ્વારા મનોરંજન અને પ્રેરણાદાયી સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં દેશભકિતના ગીતો અને સામાજિક જાગૃતિ ફેલાવતા નાટકોએ ઉપસ્થિત સૌના મનમોહી લીધા હતા. આ પ્રસંગે શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે વિશેષ પ્રદાન કરનાર તેજસ્વી ભુલકાઓ, કર્મનીષ્ઠ શિક્ષકો અને ઉત્સાહિ વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમમાં શાળાના મેડમ નાજીમાએ પર્વને અનુરૂપ સુંદર પ્રવચન કર્યુ હતું. કમિટીના સભ્યો હા. હીદાયતભાઈ લોખંડવાલા, હા. મુસેબભાઈ જવાહરવાલા, હા. મકસુદભાઈ સુતરવાલા, હા. વસીમભાઈ ફર્નીચરવાલા, યુથ સર્કલ પ્રમુખ હા.મૌહસીનભાઈ લાટીવાલા, દેશકાંઠા મેમણ કાઉન્સિલના ઓડીટર હા. અ.રહેમાનભાઈ બેન્કર સહિતનાઓએ સાથ સહકાર આપ્યો હતો.

પ્રમુખ હા.યુસુફભાઈએ પ્રજાસત્તાક પર્વને અનુરૂપ સુંદર પ્રવચન કર્યુ હતુ તેમજ તાલુકા મેમણ જમાત દ્વારા સ્કુલના ફન્ડીંગ માટે સૌથી પહેલા પ્રમુખશ્રીએ પોતે ફન્ડીંગ આપવાની જાહેરાત કરતા લોકોએ તાળીઓથી વધાવી લીધી હતી. કાર્યક્રમને સફળ બનાવવા જુબેરભાઈ વીડીયોવાળા, જયંતિભાઈ ઠાકોર, ઈમરાનભાઈ જવાહરવાલા, ચેરમેન વસીમભાઈ માસ્ટરે ભારે જહેમત ઉઠાવી હતી.

# સાબરકાંઠા બેંક અને જીએસસી બેંક ના સંયુકત ઉપક્રમે ઈન્કમટેક્ષ અમદાવાદ દ્વારા સહકારી બેંકોને રીટર્ન ફાઈલ કરવા અંગેનો સેમીનાર યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર તથા ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંક લી. અમદાવાદના સંયુકત ઉપક્રમે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ અમદાવાદ દ્વારા સહકારી બેંકોને ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવા અંગેની વિગતવાર સમજુતી આપવાનો સેમીનાર ગઈ તારીખ ૨૭ જાન્યુઆરી મંગળવારના રોજ હિંમતનગર ખાતે યોજાઈ ગયો.

જેમાં અધ્યક્ષસ્થાને ગુજરાત સહકાર ભારતીના અધ્યક્ષ અને ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંક ના ડીરેકટર, ધી સા.કાં. બેંકના પૂર્વ ચેરમેન મહેશભાઈ એ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ અમદાવાદ ખાતેથી પ્રિયવદનભાઈ ડોડીયા (આઈટીઓ) રોહિતકુમાર દહીયા(ઈન્સ્પેકટર) તેમજ નવનીતભાઈ દિક્ષિત ઉપસ્થિત રહી બેંકના ગ્રાહકે ભરવાના ફોર્મ નંબર ૬૦ તથા બેંકે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને ફાઈલ કરવાના થતા ફોર્મ નંબર ૬૧, ૬૧-એ, ૬૧-બી, અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી બેંકના જે કંઈ પ્રશ્નો હતા તેનુ સોલ્યુસન લાવવામાં આવ્યુ હતું.

સેમિનારમાં સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના અધિકારીઓ તેમજ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના તાલુકાની નાગરીક સહકારી બેંકના અધિકારીઓ હાજર રહ્યા હતા.

સેમીનારમાં અધ્યક્ષ મહેશભાઈ એ સહકારી બેંકોએ હવેથી કાળજી રાખી રીટર્ન ફાઈલ કરવા તથા ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ દ્વારા થતા દંડમાંથી મુકિત મળે તે માટે સુચનો કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસંગીક પ્રવચન શ્રી એચ પી નાયક, ચીફ એકઝીકયુટીવ સા.કાં. બેંક હિંમતનગર દ્વારા કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમનુ સંચાલન શ્રી એચ એમ પટેલ એડવાઈઝર ટુ ધી બોર્ડ સાબરકાંઠા બેંક દ્વારા કરવામાં આવ્યુ હતું.

# વીજ બીલ ૨૦૨૫ અને ખાનગીકરણના વિરોધમાં ૧૨ ફેબ્રુ. એ ગુજરાતના ૭ હજાર ઈજનેરો દેશવ્યાપી હડતાળમાં જોડાશે

પ્રતિનિધિ,ગાંધીનગર



પાવર સેકટરના ખાનગીકરણ અને વિજળી (સુધારા) બીલ ૨૦૨૫ ના વિરોધમાં ઓલ ઈન્ડીયા પાવર એન્જીનીયર્સ ફેડરેશન દ્વારા આગામી તારીખ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ દેશવ્યાપી હડતાળ અને કામ બહિષ્કારનુ એલાન આપવામાં આવ્યુ છે. આ અંગે કેન્દ્રીય ઉર્જા મંત્રીને ઔપચારીક નોટીસ પાઠવવામાં આવી છે. આ હડતાળમાં જીઈબીઈએ (ગુજરાત ઈલેકટ્રીક સીટી બોર્ડ એન્જીનીયર્સ એસોસીએશન ) પણ ઓલ ઈન્ડીયા પાવર એન્જીનીયર્સ ફેડરેશનની સંકલન સમિતિમાં જોડાયેલ હોવાથી ગુજરાતના ૭ હજાર જેટલા ઈજનેરો પણ ખાનગીકરણના વિરોધમાં હડતાળમાં જોડાશે. ઓલ ઈન્ડીયા પાવર એન્જીનીયર્સ ફેડરેશનના અધ્યક્ષ શૈલેન્દ્ર દુબે એ જણાવ્યુ હતુ કે આ હડતાળ જાહેર વીજ ક્ષેત્રને તોડી પાડતી નીતિઓ સામે લાખો કર્મચારીઓનો આક્રોશ છે. તેમણે કડક ચેતવણી આપી છે કે જો બજેટ સત્ર દરમિયાન સંસદમાં વિજળી (સુધારા) બીલ ૨૦૨૫ રજુ કરવામાં આવશે. તો દેશભરના વીજ કર્મચારીઓ અને એન્જીનીયરો તાત્કાલીક કામ બંધ કરી રોડ રસ્તા પર ઉતરી આંદોલન કરશે. તેમણે ઉમેર્યુ હતુ કે પ્રસ્તાવિત બીલ અને રાષ્ટ્રીય વીજળી નીતિ ૨૦૨૬ એ સસ્તી વિજળી, જાહેર માલીકી અને રાષ્ટ્રીય ઉર્જા સુરક્ષા પર સીધો હુમલો છે. ગુજરાત ઈલેકટ્રીક સીટી બોર્ડ એન્જીનીયર્સ એસોસીએશનના સેક્રેટરી જનરલ એચ જી વઘાસીયાએ પણ આ માંગણીઓને સમર્થન આપ્યુ છે. ફેડરેશન દ્વારા સરકાર સમક્ષ કેટલીક માંગણીઓ મુકવામાં આવી છે. જેમાં વિજળી (સુધારા) બીલ ૨૦૨૫, શાંતિ અધિનિયમ ૨૦૨૫ અને રાષ્ટ્રીય વિજળી નીતી ૨૦૨૬ તાત્કાલીક પાછી ખેંચવી, ઉત્તર પ્રદેશ સહિત દેશભરમાં વીજ ઉપયોગીતાઓના ખાનગીકરણ પર સંપૂર્ણ રોક લગાડવી, સ્માર્ટ મીટરીંગ યોજના પાછી ખેંચવી, નોકરીઓનુ કરારીકરણ બંધ કરી કોન્ટ્રાકટ કર્મચારીઓને કાયમી કરવા, ખાલી જગ્યાઓ પર તાત્કાલીક ભરતી કરવી અને વીજ ક્ષેત્રના કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના (ઓપીએસ) પુનઃ સ્થાપિત કરવી, ઓલ ઈન્ડીયા પાવર એન્જીનીયર્સ ફેડરેશન એ સ્પષ્ટ કહ્યુ છે કે જો સરકાર અર્થ પૂર્ણ ચર્ચા નહી કરે તો વીજ પુરવઠામાં થતા કોઈપણ વિક્ષેપ માટે સરકાર સંપૂર્ણ જવાબદાર રહેશે.